Extra No. 220

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૩૦મી એપ્રિલ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જજી/૫૯/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૧/૧૧૦-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૫૯/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૧/૧૧૦:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, સદરહુ સ્થળને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ:-

૧. ગુજરાત રાજ્યના પોલીસદળના સભ્યો,

૨. સંઘના લશ્કરી, નૌકા અથવા હવાઈદળના સભ્યો,

૩. ઉપર્યુક્ત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યક્તિઓ, અને

૪. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૪-માં ઉલ્લેખેલા મેજિસ્ટ્રેટ.

ઉપર્યુક્ત કક્ષાની વ્યક્તિઓને માત્ર તેમની સત્તાવાર ફરજો બજાવવા માટે જ મુક્તિ આપવામાં આવશે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળોના નામ અને સ્થળની હદોનું વર્ણન

અનુક્રમાંક	ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
૧.	ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ. ડીકેપીએલ એસવી-૪ સ્ટેશન પાદરા	ગામ: પાદરા તાલુકો: પાદરા જિલ્લો: વડોદરા	સરવે નંબર: ૯૩૮/૧ કુલ ક્ષેત્રફળ: ૫૭૪૨ ચોરસ મીટર પ્રતિબંધિત ક્ષેત્રફળ: ૨૫૦૦ ચોરસ મીટર	પૂર્વે: સરવે નંબર ૯૩૮/૧-ની જમીન પશ્ચિમે: સરવે નંબર ૯૨૯-ની જમીન અને રસ્તો ઉત્તરે: સરવે નંબર ૯૩૮/૧-ની જમીન દક્ષિણે: સરવે નંબર ૯૩૨-ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 22:07:03 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar